# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૩/ક્વા-૨/૧૯-૨૦/૭૧૧૪-૪** **તા.૨૩-૧૦-૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૩/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **વિમલભાઈ નારણભાઈ સોલંકી** ગામ: **માંગરોળ**
રજૂઆત કરનાર: **અરજદાર વિમલભાઈ નારણભાઈ સોલંકી હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **માંગરોળ**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **કે.ડી.નીનામા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **માંગરોળ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ પ.ગુ.વી.કં.લી. પોરબંદર વર્તુળ કચેરી, પોરબંદર
તારીખ: ૧૫-૧૦-૨૦૧૯( મંગળવાર )

૧.0 સદર કેસની સુનાવણી તા. ૧૫-૧૦-૨૦૧૯( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં બંને પક્ષકારો ઉપર મુજબ હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 **અરજદાર વિમલભાઈ નારણભાઈ સોલંકી ગામ -માંગરોળ, તેઓની અરજીના નોંધણી નં: ૬૩/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, જુનાગઢ જીલ્લાના માંગરોળ ના સર્વે નંબર ૨૨/પૈકી/૧ માં ખેતીવાડી વીજ જોડાણ માટે તા.૨૦.૧૧.૨૦૧૪ કરેલ. ત્યારબાદ કુવારા પધ્ધતિ ના નાણા તા.૨૮.૦૮.૨૦૧૫ ના રોજ રૂ.૫૨૮૪/- ભરેલ છે. પરંતુ માંગરોળ શહેર દ્વારા ભાવપત્રક આપેલ નથી. સદર બાબતે તપાસ કરતા જણાવેલ કે અરજી રદ થયેલ છે.જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી વિમલભાઈ નારણભાઈ સોલંકી મુ.માંગરોળ તા. માંગરોળ પેટા વીભાગીય કચેરી માંગરોળ શહેર મુકામે સર્વે નં. ૨૨/પૈકી ૧ મા ૫.૦ હો.પા. એસ.પી.એ. યોજના - એસ.આર.નં.: ૬૩૮૬૪૩૨ તા ૨૦-૧૧-૨૦૧૪ નવા ખેતીવાડી વિજ જોડાણ અંગેની માંગણી કરેલ.

૩.૧ અરજદારની અરજીના અનુસંધાને અગ્રતાક્રમ મુજબ સ્થળ પર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. આ સર્વેની કામગીરી અરજદાર/અરજદારના પ્રતિનિધિશ્રીની રૂબરૂમાં કરવામાં આવેલ. આ સર્વે કામગીરી દરમ્યાન તેમના પડોશી ખેડુત શ્રી રફીક અલી રાઠોડ દ્વારા તેમની માલિકીની જમીન સર્વે નંબર-૨૧/ પૈકી ૪ માં આવેલ નાળીયેરીના ઝાડને નુકશાન થાય તેમ હોવાથી લેખિત વાંધા અરજી તારીખ-૦૧.૧૧.૨૦૧૫ નાં રોજ ઈનવર્ડ નંબર-૧૬૩૭ થી આપેલ. આથી માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીને પત્ર નંબર ચ એમએસડી/ટેક/૩૩૭૩ તારીખ-૦૪.૧૧.૨૦૧૫ થી શ્રી રફીક અલી રાઠોડ દ્વારા લેવામાં આવેલ વાંધો દુર કરી દિવસ-૦૭ માં કચેરીએ જાણ કરવા બાબતે જણાવેલ. પરંતુ આ વાંધો દુર થયા અંગેની જાણ આજ દિવસ સુધી અત્રેની માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરીમાં કરેલ નથી.

૩.૨ અરજદારની અરજી અન્વયેનું માંગણી વાળું સ્થળએ ડાર્ક ઝોન વિસ્તારમાં આવેલ હોવાથી જીજીઆરસીનાં નિયમ મુજબ ફુવારા પધ્ધતિ/ડ્રીપ પધ્ધતિ અપનાવવાની હોય છે. વધુમાં સદરહુ અરજદાર દ્વારા અત્રેની પેટા વિભાગીય કચેરીમાં તારીખ- ૩૦.૦૮.૨૦૧૯ નાં રોજ રસીદ નંબર-૮૦૦૨૫૮, એસઆર-૧૨૨૩૮૧૫૫ થી ફરીવાર રજીસ્ટ્રેશન કરાવેલ છે. આ રજિસ્ટર્ડ અરજીના અનુસંધાને ક્રમાનુસાર ક્રમ મુજબ વીજ જોડાણ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી વિમલભાઈ નારણભાઈ સોલંકી મુ.માંગરોળ તા. માંગરોળ પેટા વીભાગીય કચેરી માંગરોળ શહેર મુકામે સર્વે નં. ૨૨/પૈકી ૧ મા ૫.૦ હો.પા. એસ.પી.એ. ડાર્ક ઝોન યોજના - એસ.આર.નં.: ૬૩૮૬૪૩૨ તા ૨૦-૧૧-૨૦૧૪ નવા ખેતીવાડી વિજ જોડાણ અંગેની માંગણી કરેલ છે. અગ્રતાક્રમ મુજબ અરજી ની કામગીરી હાથ ધરતા પડોશી ખેડુત શ્રી રફીક અલી રાઠોડ દ્વારા વાંધા અરજી અન્વયે માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીને પત્ર તારીખ-૦૪.૧૧.૨૦૧૫ થી વાંધો દુર કરી દિવસ-૦૭ માં કચેરીએ જાણ કરવા બાબતે જણાવેલ છે. જે અનુસંધાને તેઓની ખેતીવાડી વીજજોડાણ ની અરજી અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ભાવપત્રક **અપાયેલ** નથી. જેથી, અરજદારે ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૪.૨ સામાન્ય રીતે ડાર્કઝોન વિસ્તાર હેઠળ નોંધાયેલ અરજીના નિકાલ ની કામગીરી નીચે મુજબ જણાવેલ છે.

- પેટા-વિભાગીય કચેરી દ્વારા અરજીની પ્રાથમિક તપાસણી કર્યા બાદ ટેકનિકલ રીતે પાત્રતા ધરાવતી અરજદારની ટપક પધ્ધતિની અરજી તથા એ-૧ ફોર્મ જરૂરી દાખલાઓ સહીત જી.જી.આર.સી. ને મોકલવાના રહેશે. અરજદારે જી.જી.આર.સી. દ્વારા મળેલ વર્ક ઓર્ડરના નાણાં ભરપાઈ કર્યા બાદ પેટા-વિભાગીય કચેરીએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

(અ) અરજદાર સાથે ફોર પાર્ટી એગ્રીમેન્ટ સબંધીત કચેરીના નાયબ ઈજનેરે કરવું

(બ) ફોર પાર્ટી એગ્રીમેન્ટની ઈન્ટીમેશન (સુચના) જી.જી.આર.સી. તરફથી વીજ વિતરણ કંપનીની સ્થાનિક પેટાવિભાગીય કચેરીને મળ્યાના અગ્રાતાક્રમ મુજબ અંદાજપત્ર આપવાનું રહેશે.

(ક) અંદાજપત્રના નાણાં ભરાયા બાદ ૧૨૦ દિવસમાં કામ પુર્ણ કરવાનું રહેશે.

ઉપરોક્ત બાબતે – અરજદાર દ્વારા તેઓની ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી અન્વયે – ડાર્કઝોન વિસ્તાર હોવાથી નિયમાધીન જીજીઆરસી – માઈક્રો ઈરીગેશન સીસ્ટમ માટેનુ ભાવપત્રક અરજદાર દ્વારા તા.૨૪–૦૮–૧૫ થી ભરપાઈ કરાયેલ છે, તેમજ ચાર (૦૪) પક્ષીય કરાર તા.૨૪–૦૮–૧૫ થી કરવામા આવેલ છે. પરંતુ, અરજદાર ને ભાવપત્રક અપાયેલ નથી, તેમજ અરજદાર ની રજુઆત મુજબ – તેઓની અરજી રદ કરાયેલ છે, પરંતુ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની સદર અરજી નિયમાધીન નોટીસ આપીને રદબાતલ કરાયેલ હોય – તેવા કોઈ આધાર–પુરાવા રજુ કરેલ નથી.

૪.૩ As per GERC Notification no-04/2015 for providing New Electricity Service Connection Application Form in Clause no 4.27 (4) Stated that "The Distribution Licensee shall obtain the necessary way leaves and permissions for laying down the service lines for the supply of power. The applicant shall fully co-operate with the Distribution Licensee in obtaining such necessary

way leaves and permissions. However, where the consumer has no frontage abutting a public street and where the service line has necessarily to cross over or go under other property, the consumer shall obtain the necessary way leave and permission at his own expense and continue them as long as supply is to be maintained. Should, however, the way leaves or permissions be withdrawn, the Supply may be cut off forthwith, subject to the provisions of Acts, rules and regulations for the time being in force. Any extra expense incurred in laying the service line and maintaining the same in accordance with the way leaves shall be recovered from the Consumer. The Applicant shall provide necessary undertaking to the Distribution Licensee if required."

૪.૪ અરજદારને વીજજોડાણ આપવા બાબતે – અન્ય વ્યક્તિએ વાંધો લીધેલ હોય – જે અનુસંધાને મુદ્દા નં. ૪.૧ મુજબ ની વિગતે અરજદાર શ્રી ને જે વાંધો દુર કરવા માટે નો પત્ર લખાયેલ હોય – તે બાબતે અરજદારે વાંધો દુર કરેલ હોય તેવો પ્રત્યુતર રજુ કરેલ નથી.

૪.૫ સદર કેઈસ મા, પેરા નં.–૪.૨ મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન અરજદાર ને ભાવપત્રક આપવાની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવી – તેમજ પેરા નં.–૪.૩ મુજબ અરજદારને વીજજોડાણ આપવા માટે વીજલાઈન ઉભી કરવાની કામગીરી માટે અરજદારે સંપુર્ણ સહકાર આપવાનો રહેશે – અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર બાબતે નિયમાધીન કાર્યવાહી કરવાની સુચના આપવામા આવે છે.

૪.૬ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબ ની વિગતે ભાવપત્રક આપવાની કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (શ્રી જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯